## જન્મદિને વધામણી



દક્ષાબેન એમ ભટ્ટ
(૧૫-૯-૧૯૫૭)
મો. ૯૭૨૫૭ ૬૫૬૬૪



દિવ્યાબેન એ પંડ્યા
સહમંત્રી,
સમસ્ત બ્રહ્મસમાજ
મહિલા પાંખ



પ્રિયા માનિક
પૂર્વ પ્રમુખ
લાયોનેસ ક્લબ, ગાંધીનગર



મિત્તલબેન અશોકકુમાર ઠાકોર
મો. ૯૭૧૪૬ ૬૫૬૧૮



સમદર્શન આશ્રમમાં સેવારત પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજીનાં સાંનિધ્યમાં ગુરુદેવ સેવા ગૃપ વતી જૈમિન પટેલ અને તેમના મિત્રમંડળે મૂક-બધિર શાળાના વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ તેમને પૅન, પૅન્સિલનું વિતરણ કર્યું હતું. ગૃપ વતી ગાંધીનગરનાં બાળકો સેવામાર્ગે જોડાય તે હેતુથી આવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

### સરકારી જિલ્લા પુસ્તકાલય, સૅક્ટર-૨૧ ખાતે

# ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સીલ દ્વારા સાહિત્યિક વિચારગોષ્ઠિ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સીલ દ્વારા સરકારી જિલ્લા પુસ્તકાલય, સૅક્ટર-૨૧ ખાતે સાહિત્યિક વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતભરમાંથી ખ્રિસ્તી સંપ્રદાયના સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી દ્વારા પ્રાર્થનાથી આ વિચારગોષ્ઠિનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ હસમુખ મૅકવાને સૌને આવકાર્યા અને મંત્રી નરેન્દ્રકુમાર પરવારે ગત મિટીંગના અહેવાલનું વાચન કર્યું.

સંસ્થાના સાહિત્યકારોનાં ૫૦ જેટલાં પુસ્તકોનો સૅટ શૈક્ષણિક સંસ્થાઓમાં ડિસ્કાઉન્ટ રેટથી આપવો અને એ દ્વારા વિદ્યાર્થીઓ સાથે પણ સાહિત્યિક ગોષ્ઠિ કરવી એવો નિર્ણય કરવામાં આવ્યો.

સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. કે પી રાજભારતી વિદેશપ્રવાસે જતા હોવાથી તેમને શુભેચ્છાઓ અર્પણ કરાઈ તેમજ નડીઆદ ખાતે જુનિયર ચૅમ્બર ઈન્ટરનેશનલના માધ્યમથી ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદીના સાહિત્ય ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું.

સંસ્થા તરફથી જિલ્લા પુસ્તકાલયને ૧૦ પુસ્તકો પણ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યાં, જેમનો સ્વીકાર ગ્રંથપાલ જયરામ દેસાઈ તથા આર ડી પરમાર દ્વારા કરવામાં આવ્યો. અંતે, આભારવિધિ શૈલેષભાઈ ક્રિસ્ટીએ કરી.

ઉલ્લેખનીય છે કે સંસ્થાના પ્રતિનિધિઓએ તાજેતરમાં નવનિયુક્ત આર્ચબિશપ થૉમસ મૅકવાનની શુભેચ્છા મુલાકાત પણ લીધી હતી અને તેમને આવકારી શુભકામનાઓ પાઠવી હતી.

# રાજ્યકક્ષાની જીત-કુને-ડો સ્પર્ધામાં જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલય વિજેતા

### વિદ્યાર્થીનીઓએ બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય કક્ષાની અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ સ્પર્ધા તાજેતરમાં થરા, કાંકરેજ મુકામે યોજાઈ હતી. જેમાં ભાગ લઈ જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

અન્ડર-૧૯ વિભાગમાં જૈમિની ઍસ ચૌધરી, ભાવના ઍન ચૌધરી, પિનલ આર પ્રજાપતિ, જીમિ ઍસ પટેલ, જીલ ચૌધરી, પલ ચૌધરી, મનિષા ચૌધરી અને અન્ડર-૧૭ વિભાગમાં રીંકુ ચૌધરી સામેલ હતી. જેમને આચાર્ય તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# 'સોવિયેત-સોવિયેત' પુસ્તકનું ડૉ. કેશુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ



### ડૉ. અતુલ પાઠકજીના પસંદ કરેલા લેખોનો સંગ્રહ પુસ્તકમાં

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના એક અદના લોકસેવક અને અનેક સંસ્થાઓમાં કાર્યરત એવા એક જમાનામાં 'ઈન્ડો-યોવિયેત કલ્ચરલ સોસાયટી (ઈસ્કસ)'ના રાષ્ટ્રીય ઉપપ્રમુખ અને મૉસ્કો ન્યૂઝ ક્લબ ઑફ ઈન્ડિયાની પશ્ચિમ ભારતીય શાખાના પ્રમુખ ડૉ. અતુલ પાઠકજીએ ૧૯૬૯થી ૧૯૯૧ દરમ્યાન સોવિયેત દેશ, સોવિયેત સમીક્ષા, નૂતન વિશ્વ, લોક પડકાર, ધરતીનો ધણી, ઈસ્કસ બુલેટીન, ગ્રાહક સંદેશ જેવાં સામયિકોમાં પ્રકાશિત થયેલા લેખોમાંથી કેટલાક મહત્ત્વપૂર્ણ લેખોનો સંચય 'સોવિયેત-સોવિયેત'ના નામે પુસ્તકરૂપે પ્રકાશિત કર્યો છે. આ પુસ્તકના લોકાર્પણનો કાર્યક્રમ જેઠાલાલ જોષી સભા ગૃહ, રાષ્ટ્રભાષા હિન્દી ભવન, અમદાવાદ ખાતે યોજાયો હતો.

સમારોહના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. જયેશભાઈ દેસાઈ અને મુખ્ય મહેમાન તરીકે અચલા ફાઉન્ડેશન ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ. મફતભાઈ પટેલ તથા ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના સંચાલક નરેન્દ્રભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ નટવર હેડાઉ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો તેમજ વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના હસ્તે પુસ્તકનું લોકારપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે સોવિયેત-ભારત સંબંધો અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પ્રભાવની વાત કરી અતુલ પાઠકજીને શુભેચ્છાઓ અર્પણ કરી હતી.

પ્રગતિશીલ લેખક સંઘના મહામંત્રી રામસાગરસિંહ પરિહાર અને શરદભાઈ જોષીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

# જે ઍમ ચૌધરી વિદ્યાલય ખાતે હિન્દી દિવસની ઉજવણી કરાઈ

### પ્રાથમિક વિદ્યાલય ખાતે ટૅલીવિઝન વિષયે અને કન્યા વિદ્યાલય ખાતે રાષ્ટ્રભાષા વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૪

સૅક્ટર-૭ ખાતે સ્થિત જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક તથા કન્યા વિદ્યાલય ખાતે હિન્દી દિવસની ઉજવણી આજે ઉત્સાપૂર્વક કરવામાં આવી હતી.

પ્રાથમિક વિદ્યાલય ખાતે 'ટૅલીવિઝન એ લાભ કે હાનિ' વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એ વિભાગમાં ધૃવિલ ઍન ગુર્જર, મેધા બી પારેખ અને જુલી આર ચૌધરી તથા બી વિભાગમાં યુવરાજ ઍચ ઝાલા, જીયા ચૌધરી અને પૂર્વી લાડુમોર અનુક્રમે વિજેતા બન્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અંજનાબેન બી ચૌધરીએ કર્યું હતું, જેમણે વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનું મહત્ત્વ સમજાવ્યું હતું. આચાર્ય મીનાબેન ચૌધરી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

કન્યા વિદ્યાલય ખાતે ધોરણ-૯ બના વિદ્યાર્થીઓ દ્વારા હરિશંકર પરસાઈએ લખેલા હિન્દી નાટકની પ્રસ્તુતિ કરી. 'રાષ્ટ્રભાષા કા મહત્ત્વ' વિષે એક વક્તૃત્વ સ્પર્ધા પણ યોજવામાં આવી જેમાં માધ્યમિક વિભાગમાં કૃષિત ત્રિવેદી, અંકિત વાઘેલા, વિશાલ ભામકા-પ્રિયાંશુ પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં હિમાદ્રી પટેલ, મનિષા ચૌધરી, ભાવના ચૌધરીએ અનુક્રમે વિજેતા ક્રમાંક મેળવ્યો હતો.

ભજન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઋત્વિક વ્યાસ, દ્વિતિય ક્રમે પ્રહલાદ ગુર્જર, અમનજય રાઠોડ અને તૃતિય ક્રમે કિશન સોંદરવા તથા સાગર પરમાર વિજયી બન્યા હતા.

ઉજવણીમાં ભાગીદાર થનારા સર્વ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં.

શાળાનાં આચાર્યા પ્રવીણાબેને પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. સ્પર્ધાઓના નિર્ણાયકો તરીકે સુધાબેન પટેલ, રેણૂકાબેન ચૌધરી, અરૂણાબેન ચૌધરી, ઉષાબેન દરજી તેમજ અંકિતાબેને પોતાની સેવાઓ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક માલતીબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હીરો
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૧.૦૦
ફૅન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપૉર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

### ક્રિકેટમાં ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલના વિદ્યાર્થી હિતાર્થ ભુપેન્દ્રકુમાર શ્રોત્રિયએ ક્રિકેટમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ પોતાની પસંદગી નિશ્ચિત કરી છે.

શાળાના આચાર્યની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર જિલ્લા કક્ષાની શાળાકીય ક્રિકેટ સંપર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં હિતાર્થે જિલ્લાના અનેક વિદ્યાર્થીઓ સાથે ભાગ લીધો હતો. રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પાંચ ખેલાડીઓની પસંદગી કરવાની હતી, જે પૈકી સૌપ્રથમ નામ હિતાર્થનું પસંદ કરવામાં આવ્યું હતું.

હિતાર્થને ક્રિકેટની સઘન તાલીમ વ્યાયામ શિક્ષક લાભુભાઈ દેસાઈએ આપી હતી. આચાર્ય બી કે પટેલ, સુપરવાઈઝર્સ તથા શાળા પરિવાર વતી હિતાર્થને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# વિશ્વેશ્વરૈયાએ બીજું કશું જ ના કર્યું હોત તો પણ તેમની ઈજનેરી ક્ષમતા અને મહાનતા જ તેમને એક વિશિષ્ટ વ્યક્તિ સાબિત કરવા માટે પૂરતી હતી

વર્ષો પહેલાં એક અંગ્રેજી વિષયના શિક્ષકે વર્ગમાં વિદ્યાર્થીઓને એક અંગ્રેજી કવિતા ગાવાનું કહ્યું. તેમાં અંગ્રેજોની કુટનીતિનાં ગુણગાન હતાં. વર્ગના એક વિદ્યાર્થીએ આ કવિતા ગાવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. આ વિદ્યાર્થીનું નામ હતું મોક્ષ મુંડમ વિશ્વેશ્વરૈયા. આજથી ૧૫૫ વર્ષ પહેલાં જન્મેલા અને નાનપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા આ વિદ્યાર્થી એટલે આપણા વિશ્વેશ્વરૈયા. પોતાની આગવી સૂઝને કારણે તેમણે ઈજનેરી અભ્યાસ કર્યો. કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં ઍન્જિનીયરીંગમાં ભણ્યા અને ૧૯૮૩માં પૂનાની ઈજનેરી કૉલેજમાં પ્રથમ આવેલા. તેઓ પોતાની આગવી કુશાગ્રતાથી સમયાંતરે દેશના એક મહાન ઈજનેર બન્યા.

સત્ય, અહિંસા અને ઈમાનદારીના ગુણો ડૉ. વિશ્વેશ્વરૈયાને પોતાની દાદીમા પાસેથી મળ્યા હતા. પોતાની આગવી કુનેહ અને વિશેષ વ્યક્તિત્વને કારણે ઈજનેરીનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાનું વિશિષ્ટ યોગદાન તેમણે આપ્યું.

સિંચાઈ પ્રણાલી, પધ્ધતિ, વહીવટ અને બાંધકામ ક્ષેત્રે પોતાની આગવી સૂઝથી તેમણે સફળતા મેળવી હતી. પીવાની પાણીની યોજના અને વિતરણ વ્યવસ્થાને લગતી કામગીરી તેમણે સક્કર બૅરેજથી શરૂ કરી અને અમદાવાદ, રાજકોટ, ભાવનગર જેવાં આપણા રાજ્યનાં શહેરોમાં પણ કરી હતી. સિંચાઈ કામો માટેના દરવાજા માટેની લૉકિંગ સિસ્ટમ તેમની શોધ હતી અને તેથી તેમણે તૈયાર કરેલા ગેટ 'વિશ્વેશ્વરૈયા ગેટ' તરીકે જાણીતા છે. સરકારી નોકરી છોડ્યા પછી પણ હૈદરાબાદના નિઝામ અને મૈસુરના મહારાજાએ આ તજ્જ્ઞની સેવા લઈ પોતપોતાનાં રાજ્યનો વિકાસ કર્યો હતો. એટલું જ નહીં, મૈસુરના મહારાજાએ તો તેમને દીવાન પણ બનાવ્યા હતા.

૯૨ વર્ષની જૈફ વયે પણ તેમણે બિહાર અને બંગાળમાં બ્રિજ બાંધવાની કામગીરી સંભાળી હતી. યમનમાં તેમણે ઈજનેર તરીકે કરેલી કામગીરીથી પ્રસન્ન થઈ તેમને 'કેશરે હિન્દ'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. સામાન્ય રીતે બનતું આવ્યું છે કે પ્રશંસા અન્ય ખાટી જાય છે અને ઈજનેરોને માથે તો દોષનો ટોપલો કે ટીકા-ટીપ્પણ જ આવે છે, એવું વિશ્વેશ્વરૈયાના કિસ્સામાં ઓછું બન્યું છે. ૧૦૩ વર્ષની વયે અવસાન પામનાર આ મહાન વિભૂતિ પર પ્રશંસાનાં પુષ્પો વેરાયાં છે, તેમની કામગીરીની કદર થઈ છે જ.

બ્રિટનનાં મહારાણીએ સીઆઈઈની પદવી આપી તેમનું અભિવાદન કર્યું હતું, ત્યારબાદ કેસીઆઈઈની પદવી આપી તેમનું અભિવાદન કર્યું હતું અને દેશનો ગૌરવવંતો ભારતરત્ન ઍવૉર્ડ ભારત સરકારે તેમને અર્પણ કર્યો હતો. ૧૯૮૦માં તેમના નામે ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી.

તેમનાં ઈજનેરી પ્રદાનથી થયેલા દેશના વિકાસથી પ્રભાવિત થઈ મહાત્મા ગાંધીએ તો તેમની કામગીરીને બિરદાવતાં કહ્યું હતું કે વિશ્વેશ્વરૈયાએ બીજું કશું જ ના કર્યું હોત તો પણ તેમની ઈજનેરી ક્ષમતા અને મહાનતા જ તેમને એક વિશિષ્ટ વ્યક્તિ સાબિત કરવા માટે પૂરતી હતી. દેશ માટે ઈજનેરી કૌશલ્યની મહાન મૂડી સમા આ મૂઠ્ઠી ઉંચેરા માનવીની સ્મૃતિને સદાય જીવંત રાખવા દેશ તેમના જન્મદિન ૧૫મી સપ્ટેમ્બરને 'ઍન્જિનીયરિંગ ડે' તરીકે ઉજવે છે. આપણે પણ એમની સ્મૃતિને વાગોળીએ અને તેમને અંજલિ અર્પીએ.

- નટુભાઈ પી ગજ્જર

## ડો. વિશ્વેશ્વરૈયા ફેક્ટ ફાઈલ

- કર્ણાટક રાજ્યના ચિક્કાબલ્લાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં શ્રીનિવાસ શાસ્ત્રી અને વૅન્કચમ્માને ઘેર તેમનો જન્મ થયો.
- બીએ સુધીનો અભ્યાસ એમણે મદ્રાસ યુનિવર્સિટીમાંથી કર્યો, ૧૯૮૧માં બીએ થયા અને સિવિલ ઍન્જિનીયરિંગનો અભ્યાસ કૉલેજ ઑફ સાયન્સ, પૂણે ખાતે કર્યો.
- અભ્યાસ પૂર્ણ થયા બાદ તેમને પબ્લિક વર્ક્સ ડિપાર્ટમૅન્ટ (બીડબલ્યુડી), મુંબઈમાં નોકરી મળી. એ પછી તેઓ ઈન્ડિયન ઈરિગેશન કમિશનમાં જોડાયા જ્યાં તેમણે જળપ્લાવિત વિસ્તારો માટેની નવી જ સીંચાઈ પધ્ધતિ વિકસાવી.
- હૈદરાબાદને પૂરની સ્થિતિમાંથી બચાવનાર પહેલા ઍન્જિનીયર તરીકે તેમનું નામ લેવાય છે.
- 'આધુનિક મૈસુર સ્ટેટના પિતા' તરીકે પણ તેઓ ઓળખાય છે. કારણ કે મૈસુર સોપ ફૅક્ટરી, પૅરાસીટોઈડ લૅબોરેટરી, ધ મૈસુર આયર્ન ઍન્ડ સ્ટીલ વર્ક્સ (હવે વિશ્વેશ્વરૈયા આયર્ન ઍન્ડ સ્ટીલ), શ્રી જયચમારાજેન્દ્ર પૉલીટેકનીક, બૅંગલોર ઍગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સ્ટેટ બૅન્ક ઑફ મૈસુર, ધ સૅન્ચ્યુરી ક્લબ, મૈસુર ચૅમ્બર ઑફ કૉમર્સ ઉપરાંત અનેક ઔદ્યોગિક સાહસોના પાયામાં તેમની ચાવીરૂપ ભૂમિકા છે.
- કાવેરી નદી પર બાંધવામાં આવેલા કેઆરઍસ ડૅમના કન્સ્ટ્રક્શનનું સુપરવિઝન તેમણે કર્યું હતું. એ સમયે તે એશિયાનું સૌથી મોટું જળાશય હતું.
- એમને ભારત રત્ન ૧૯૫૫માં પ્રાપ્ત થયો.
- ઍન્જિનીયરીંગમાં એમણે આપેલા પ્રદાન બદલ જ્યૉર્જ પંચમ તરફથી એમને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- લંડન ઈન્સ્ટીટ્યુટ ઑફ સિવિલ ઍન્જિનીયર્સનું માનદ્ સભ્યપદ પણ એમને મળ્યું હતું, જે તેમણે સળંગ ૫૦ વર્ષ સુધી નિભાવ્યું હતું.
- દેશની અનેક શૈક્ષણિક સંસ્થાઓને એમનું નામ અપાયું છે : વિશ્વેશ્વરૈયા ટૅકનોલૉજીકલ યુનિવર્સિટી, બેલગામ, યુનિવર્સિટી વિશ્વેશ્વરૈયા કૉલેજ ઑફ ઍન્જિનીયરિંગ, બૅંગ્લોર, વિશ્વેશ્વરૈયા નૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, નાગપુર.




# યુવા કલાના અજવાળે રોશન ગાંધીનગર





યુનિવર્સલ ઍકેડેમી ઑફ ફિલ્મ્સ ઍન્ડ મીડિયા દ્વારા ચાલી રહેલી યુનિવર્સલ સ્ટાર ટૅલેન્ટ હન્ટ-૨૦૧૫માં ભાગ લઈ ગાયનની સ્પર્ધામાં ગાંધીનગરના બે યુવાનો સાગર દેસાઈ અને હેમાંગ દવે ફાઈનલ સુધી પહોંચ્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે સોમવારે અમદાવાદ ખાતે ફાઈનલ સ્પર્ધાનો આરંભ થઈ ચૂક્યો છે. ત્રણ રાઉન્ડમાં સફળતા પ્રાપ્ત કરી ફાઈનલ સ્પર્ધા સુધી પહોંચેલા ગાંધીનગરના આ કલાકારોને નગરની કલાપ્રેમી સંસ્થાઓ, વ્યક્તિઓ તરફથી હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.